# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૪૦ તા.૨૩-૦૩-૨૦૨૧

ફક્ત મ્યુનિ.શાળાઓ માટે :-

વિષય :- CCC 2.0 અંતર્ગત કામગીરી ફેરથી જોડાવવા માંગતા શિક્ષકોની પરીક્ષા બાબત.

સંદર્ભ :- રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગરનો તા.૧૮-૦૩-૨૦૨૧નો પત્ર

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, રાજય પરીક્ષા બોર્ડ દ્વારા CCC 2.0 અંતર્ગત કામગીરી ફેરથી જોડાવવા માંગતા શિક્ષકોની પરીક્ષાનું આયોજન કરવામાં આવનાર છે. સદર પરીક્ષા સંદર્ભની સૂચનાઓ નીચે મુજબ છે. જેનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧. CCC 2.0 અંતર્ગત કામગીરી ફેરથી જોડાવવા માંગતા શિક્ષકોની પરીક્ષાનું આયોજન તા.૨૭-૦૩-૨૦૨૧ના રોજ કરવામાં આવનાર છે.
૨. પરીક્ષાનો સમય બપોરના ૧૨-૦૦ થી ૧-૩૦ સુધીનો રહેશે.
૩. પરીક્ષાની હોલ ટીકીટ તા.૨૨-૦૩-૨૦૨૧ ના રોજ સાંજે ૬-૦૦ વાગ્યાથી રાજય પરીક્ષા બોર્ડની વેબસાઈટ www.sebexam.org પરથી ડાઉનલોડ કરી શકાશે.
૪. રાજય પરીક્ષા બોર્ડના તા.૧૦-૦૩-૨૦૨૧ના પરિપત્ર મુજબની લાયકાત ધરાવો છો તે શરતે હોલ ટીકીટ ઈશ્યુ કરવામાં આવશે. જે શિક્ષકો પરિપત્ર મુજબની લાયકાત ધરાવતા હશે નહી તેઓની પાત્રતા રદ કરવામાં આવશે.
૫. પરીક્ષાની ઓનલાઈન દરખાસ્ત કરવાની વિયત તારીખ સુધીમાં જે શિક્ષકોની દરખાસ્ત કન્ફર્મ થયેલ હશે અને ફી ભરેલી હશે તે શિક્ષકો જ પરીક્ષા આપી શકશે.
૬. પરીક્ષા સંબંધી માહિતી જાણવા માટે રાજય પરીક્ષા બોર્ડની વેબસાઈટ www.sebexam.org જોતા રહેવું.

તા.૨૩-૦૩-૨૦૨૧

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૪૦-A તા.૨૩-૦૩-૨૦૨૧

ફક્ત મ્યુનિ.શાળાઓ માટે :-

વિષય :- પ્રજ્ઞા અભિગમની શિક્ષક તાલીમ બાબત.

સંદર્ભ :- ક્રમાંક : જશભ/તાલીમ/૨૦૨૦-૨૧/૮૮૪-૮૯૦ તા.૨૨-૦૩-૨૦૨૧

આથી તમામ ગુજરાતી માધ્યમની મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, ધો.૧ અને ૨ માટેની પ્રજ્ઞા અભિગમની ૦૨ દિવસીય રીફ્રેશર શિક્ષક તાલીમનું આયોજન નીચે મુજબની તારીખે કરવામાં આવેલ છે. આ તાલીમ માટે બિડાણમાં જણાવેલ સ્થળોએ ધો.૧ અને ૨ના પ્રજ્ઞા વર્ગના શિક્ષકોએ તાલીમ મેળવવા બીનચૂક ઉપસ્થિત રહેવું. તાલીમ દરમ્યાન કોવીડ-૧૯ની ગાઈડ લાઈનનું પાલન કરવાનું રહેશે.

સી.આર.સી.કો.ઓર્ડિનેટરે યુ.આર.સી.કો.ઓર્ડિનેટર સાથે સંકલનમાં રહી વર્ગ સંચાલન તરીકે ફરજ બજાવવાની રહેશે. ગુજરાતી માધ્યમના તમામ સી.આર.સી.કો.ઓર્ડિનેટરે તાલીમ મેળવવા ફરજિયાત હાજર રહેવાનું રહેશે.

તારીખ : તા.૨૫ અને ૨૬ માર્ચ-૨૦૨૧

સ્થળ : યાદી મુજબ

સમય : ૧૦:૩૦ થી ૧૭:૦૦ કલાકે

બિડાણ :- કલસ્ટરવાઈઝ તાલીમ સ્થળની યાદી

તા.૨૩-૦૩-૨૦૨૧

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

# યુ.આર.સી. કક્ષાએ પ્રજ્ઞા તાલીમ કેન્દ્ર

| ક્રમ | ઝોન | સી.આર.સી. (ક્લસ્ટર) | શિક્ષકની સંખ્યા | કુલ | પ્રજ્ઞા તાલીમ સ્થળ | તાલીમ વર્ગ સંચાલકશ્રી |
|---|---|---|---|---|---|---|
| 1 | ઉત્તર | અસારવા 1 | 6 | 21 | અસારવા ગુજરાતી 12 | હેમંતભાઈ નવાકર |
| 2 | ઉત્તર | અસારવા 2 | 8 | | | |
| 3 | ઉત્તર | મેઘાણીનગર | 7 | | | |
| 4 | ઉત્તર | હાંસોલ | 12 | 21 | હાંસોલ ગુજરાતી 2 | મિતેશભાઇ મોદી |
| 5 | ઉત્તર | કુબેરનગર | 9 | | | |
| 6 | ઉત્તર | નોબલનગર | 10 | 21 | નરોડા ગુજરાતી 2 | મહાવીરસિંહ વનાર |
| 7 | ઉત્તર | નરોડા | 11 | | | |
| 8 | ઉત્તર | જહાંગીરપુર | 7 | 21 | સૈજપુર ગુજરાતી 5 | અરવિંદભાઈ ગામેતી |
| 9 | ઉત્તર | દરિયાપુર | 5 | | | |
| 10 | ઉત્તર | સૈજપુર | 9 | | | |
| 11 | ઉત્તર | સરસપુર 1 | 13 | 20 | સરસપુર ગુજ. 4 | ઉજેશભાઈ ઉપાધ્યાય |
| 12 | ઉત્તર | નરોડા રોડ | 7 | | | |
| 13 | ઉત્તર | બાપુનગર | 8 | 20 | બાપુનગર ગુજરાતી 3 | દિલીપભાઈ ગામેતી |
| 14 | ઉત્તર | સરસપુર 2 | 12 | | | |
| 15 | ઉત્તર | ઠક્કરબાપાનગર | 18 | 18 | એસ.આર.પી.ગુજરાતી 2 | ચિરાગભાઈ બ્રહ્મભટ્ટ |
| 16 | દક્ષિણ | બહેરામપુરા-૨ | 11 | 19 | બહેરામપુરા ગુજ.-૨ | અર્પણભાઈ વ્યાસ |
| 17 | દક્ષિણ | બહેરામપુરા-૨ | 8 | | | |
| 18 | દક્ષિણ | દાણીલીમડા-૧ | 7 | 14 | બહેરામપુરા ગુજ.-૮ | હિતેશકુમાર ભગરિયા |
| 19 | દક્ષિણ | દાણીલીમડા-૨ | 7 | | | |
| 20 | દક્ષિણ | હાથીજન | 15 | 19 | હાથીજણ-૨ | કરણસિંહ ડોડ |
| 21 | દક્ષિણ | કાંકરિયા-૨ | 4 | | | |
| 22 | દક્ષિણ | જશોદાનગર | 6 | 16 | કાંકરિયા-૧ | કલ્પેશ ઠાકોર /શિતલબેન નિનામા |
| 23 | દક્ષિણ | કાંકરિયા-૧ | 3 | | | |
| 24 | દક્ષિણ | મણિનગર | 7 | | | |
| 25 | દક્ષિણ | જમાલપુર | 4 | 16 | રાયખડ-૮ | ભાવેશ પટેલ |
| 26 | દક્ષિણ | ખાડિયા | 3 | | | |
| 27 | દક્ષિણ | રાયખડ | 9 | | | |
| 28 | દક્ષિણ | શાહવાડી ( ઇસનપુર ગુજ.2, નારોલ ગુજ.2) | 22 | 22 | શાહવાડી-૨ | અલ્પેશભાઈ ઉપાધ્યાય |
| 29 | દક્ષિણ | વટવા | 12 | 21 | ઇસનપુર પબ્લિક-૨ | અલ્પેશભાઈ ઉપાધ્યાય |
| 30 | દક્ષિણ | ઇસનપુર | 9 | | | |
| 31 | દક્ષિણ | રામદેવનગર | ૮ | ૧૮ | જોધપુર શાળા નં-૧ | પરમાર ભીખભાઈ બી. |
| 32 | દક્ષિણ | મકરબા | ૮ | | | |
| 33 | દક્ષિણ | સંકલિતનગર | ૨ | | | |
| 34 | દક્ષિણ | સરખેજ | ૫ | ૧૪ | વીર શહીદ ચેતન છોટાલાલ સોલંકી પ્રા.શાળા રવીનગર | રોહિતસિંહ ચાવડા |
| 35 | દક્ષિણ | વેજલપુર | ૪ | | | |
| 36 | દક્ષિણ | રવિનગર | ૫ | | | |
| 37 | દક્ષિણ | ગ્યાસપુર | ૯ | ૧૯ | ગ્યાસપુર પ્રા.શાળા | રોહિત મનીષકુમાર કે. |
| 38 | દક્ષિણ | લાંભા | ૧૦ | | | |
| 39 | દક્ષિણ | બાદરાબાદ | ૧૧ | ૧૧ | નવા વણઝાર પ્રા.શાળા | |
| 40 | પૂર્વ | અમરાઇવાડી | 7 | 21 | અમરાઈવાડી - 6 | પાર્થિવભાઈ સુથાર |
| 41 | પૂર્વ | ભાઈપુરા હાટકેશ્વર | 8 | | | |
| 42 | પૂર્વ | ખોખરા | 6 | | | |
| 43 | પૂર્વ | ઓઢવ | 13 | 21 | ઓઢવ ગુજરાતી - 3 | ષાબેન મિસ્ત્રી /યુવાબેન પંચ |
| 44 | પૂર્વ | સુંદરમનગર | 8 | | | |
| 45 | પૂર્વ | કરસનનગર | 11 | 19 | ઓઢવ ગુજરાતી - 4 | ભાઈ ગજ્જર /કંચનબેન પ્રજ |
| 46 | પૂર્વ | લીલાનગર | 8 | | | |
| 47 | પૂર્વ | ગોમતીપુર | 6 | 17 | રાજપુર ગુજરાતી - 3 | હરેશભાઇ પટેલ |
| 48 | પૂર્વ | કાલુપુર | 3 | | | |

| ક્રમ | ઝોન | સી.આર.સી. (ક્લસ્ટર) | શિક્ષકની સંખ્યા | કુલ | પ્રજ્ઞા તાલીમ સ્થળ | તાલીમ વર્ગ સંચાલકશ્રી |
|---|---|---|---|---|---|---|
| 49 | પૂર્વ | રાજપુર | 8 | | | |
| 50 | પૂર્વ | આદિનાથનગર | 7 | 20 | રતનપુરા પ્રા. સ્કૂલ | રાજેશભાઈ પટેલ |
| 51 | પૂર્વ | રામોલ | 8 | | | |
| 52 | પૂર્વ | રતનપુરા | 5 | | | |
| 53 | પશ્ચિમ | દૂધેશ્વર | 14 | 14 | શાહીબાગ 6 | પ્રકાશભાઈ પટેલ |
| 54 | પશ્ચિમ | એલિસબ્રીજ 1 | 3 | 22 | એલિસબ્રીજ 2 | જીગરભાઈ મશરૂવાલા |
| 55 | પશ્ચિમ | એલિસબ્રીજ 2 | 4 | | | |
| 56 | પશ્ચિમ | એલિસબ્રીજ 3 | 5 | | | |
| 57 | પશ્ચિમ | નારણપુરા | 2 | | | |
| 58 | પશ્ચિમ | નારણપુરા 1 | 4 | | | |
| 59 | પશ્ચિમ | નારણપુરા 2 | 4 | | | |
| 60 | પશ્ચિમ | નવા વાડજ | 10 | 19 | મહાત્માગાંધી 1 | મનિષાબેન પટેલ |
| 61 | પશ્ચિમ | નવા વાડજ 1 | 9 | | | |
| 62 | પશ્ચિમ | સાબરમતી | 8 | 13 | સાબરમતી 5 | જશવંતભાઈ વાઘેલા |
| 63 | પશ્ચિમ | સાબરમતી 1 | 5 | | | |
| 64 | પશ્ચિમ | શાહપુર | 4 | 16 | શાહીબાગ 1 | કરૂણાકર ઝા |
| 65 | પશ્ચિમ | શાહપુર 1 | 12 | | | |
| 66 | પશ્ચિમ | વાસણા | 24 | 24 | વાસણા 5 | હેતલબેન સોલંકી |
| 67 | પશ્ચિમ | ચાંદખેડા | 8 | 25 | કાળીગામ પ્રા.શાળા | કુસુમબેન શ્રીમાળી |
| 68 | પશ્ચિમ | ડી કેબીન | 4 | | | |
| 69 | પશ્ચિમ | નિર્ણયનગર | 1 | | | |
| 70 | પશ્ચિમ | રાણીપ 1 | 7 | | | |
| 71 | પશ્ચિમ | રાણીપ 3 | 5 | | | |
| 72 | પશ્ચિમ | સોલા | 8 | 25 | સોલા પ્રા. શાળા | દિપીકાબેન ધનજીભાઈ પરમાર |
| 73 | પશ્ચિમ | થલતેજ | 7 | | | |
| 74 | પશ્ચિમ | બોપલ | 4 | | | |
| 75 | પશ્ચિમ | ખોડિયાર | 2 | | | |
| 76 | પશ્ચિમ | વસ્ત્રાપુર | 4 | | | |
| 77 | પશ્ચિમ | મેમનગર | 2 | 27 | ચાણકય પ્રાથમિક શાળા | પંકજભાઈ દરજી |
| 78 | પશ્ચિમ | ચાણક્ય | 4 | | | |
| 79 | પશ્ચિમ | ચાંદલોડિયા | 5 | | | |
| 80 | પશ્ચિમ | ઘાટલોડિયા | 5 | | | |
| 81 | પશ્ચિમ | ચેનપુર | 11 | | | |

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૪૦-B તા.૨૩-૦૩-૨૦૨૧

ફક્ત મ્યુનિ.શાળાઓ માટે :-

વિષય :- એસ.આર.જી કસોટી માટે હોલ ટીકીટ ડાઉનલોડ કરવા બાબત.

સંદર્ભ :- ૧.ક્રમાંક : જીસીઈઆરટી/તાલીમ/૨૦૨૦-૨૧/૭૫૭૮-૭૬૦૭ તા.૨૨-૦૩-૨૦૨૧
૨. ક્રમાંક : રાપબો/અવિપ/૨૦૨૧/૨૬૨૯-૭૪ તા.૧૯-૦૩-૨૦૨૧

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, સ્ટેટ રિસોર્સ ગ્રૂપ (એસ.આર.જી.) પસંદગી માટેની કસોટી માટે ઓનલાઈન ગુગલ ફોર્મ ભરવામાં આવેલ હતા. સદર કસોટી તા.૨૮-૦૩-૨૦૨૧ને રવિવારના રોજ લેવામાં આવનાર છે. આ કસોટીની હોલ ટીકીટ આ સાથે સામેલ પત્રમાં દર્શાવ્યા પ્રમાણે સંબંધિત શિક્ષકોને ડાઉનલોડ કરવા જાણ કરવામાં આવે છે.

વિશેષ માહિતી માટે ફોન નં.૦૭૯-૨૩૨૪૮૪૬૧ પર કોલ અને gseb21@gmail.com પર E-mail કરીને જાણકારી મેળવી શકાશે.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૨૩-૦૩-૨૦૨૧

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

૧૫૧૮-૧૬૦૭


સચિવ

ક્રમાંક:જીસીઇઆરટી/તાલીમ/૨૦૨૦-૨૧/
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન' સેકટર-૧૨, ગાંધીનગર
Email: gcerttraining@gmail.com

તારીખઃ ૨૨-૦૩-૨૦૨૧

પ્રતિ,
પ્રાચાર્યશ્રી,
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
તમામ

વિષયઃ એસ.આર.જી. કસોટી માટે હોલ ટીકીટની જાણ કરવા બાબત
સંદર્ભઃ રાપ.બોર્ડના પત્રક્રમાંકઃરાપબો/અવિપ/૨૦૨૧/૨૬૨૯-૭૪તા.૧૯-૩-૨૦૨૧

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે સ્ટેટ રિસોર્સ ગ્રુપ (એસ.આર.જી.) પસંદગી માટેની કસોટી માટે તા.૫-૧૨-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ દરમિયાન ઓનલાઇન ગૂગલ ફોર્મ ભરવામાં આવેલ હતા. સદર કસોટી તા.૨૮-૩-૨૦૨૧ રવિવારના રોજ તમામ જિલ્લામાં યોજાનાર છે. સદર કસોટી માટેની સંદર્ભદર્શિત પત્રથી આપવામાં આવેલ છે. તો કસોટીની હોલ ટીકીટની જાણ માટે આપના જિલ્લામાં જાણ કરવા જણાવવામાં આવે છે.

(વી. આર. ગોસાઇ)
સચિવ
જીસીઇઆરટી
ગાંધીનગર

બિડાણઃ રાપ.બોર્ડના પત્રક્રમાંકઃરાપબો/અવિપ/૨૦૨૧/૨૬૨૯-૭૪તા.૧૯-૩-૨૦૨૧

# રાજ્ય પરીક્ષા બોર્ડ

સરકારી પુસ્તકાલય પાસે, સેક્ટર-૨૧, ગાંધીનગર - ૩૮૨૦૨૧

ફોન નં (૦૭૯) ૨૩૨૪૮૪૬૧,૨૩૨૪૮૪૬૨ ઈમેલ-gseb21@gmail.com


ક્રમાંક:રાપબો/અવિપ/૨૦૨૧/ 2629-74 તા.૧૯/03/૨૦૨૧

પ્રતિ,

- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી(તમામ)
- શાસનાધિકારીશ્રી (તમામ)

**વિષય: એસ.આર.જી પરીક્ષાની હોલ ટીકીટની જાણ કરવા બાબત.**

**સંદર્ભ: GCERT, ગાંધીનગરના પત્ર ક્રમાંક:જીસીઈઆરટી/તાલીમ.૨૦૨૦-૨૧/૧૮૫૦૨,**

**તા:૨૨/૧૧/૨૦૨૦**

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, GCERT ગાંધીનગરના પત્ર ક્રમાંક:જીસીઈઆરટી/તાલીમ.૨૦૨૦-૨૧/૧૮૫૦૨, તા:૨૨/૧૧/૨૦૨૦થી ધોરણ ૧ થી ૮ના અભ્યાસક્રમ, પાઠ્યપુસ્તક લેખન, પરામર્શન, સમીક્ષા, તાલીમ માટે શૈક્ષણિક સાહિત્ય નિર્માણ જેવા કાર્યો માટે જીસીઇઆરટી દ્વારા એસ.આર.જી. પરીક્ષાનું આયોજન કરવા અત્રેની કચેરીને જણાવેલ છે.

સદર પરીક્ષા માટે સ્પર્ધાત્મક બહુવૈકલ્પિક પરીક્ષા તા.૨૮/03/૨૦૨૧ ના રોજ રાજ્યના તમામ જિલ્લામાં યોજાનાર છે જેની હોલટીકીટ તા.૧૯/03/૨૦૨૧ થી રાજ્ય પરીક્ષા બોર્ડની વેબસાઈટ WWW.Sebexam.org પરથી ડાઉનલોડ કરી શકાશે.

હોલટીકીટ ડાઉનલોડ કરવા માટે ઉમેદવારના મોબાઈલ નંબર પર SMS થી Confirmation Number અને જન્મ તારીખ 01/01/2001 મોકલવામાં આવેલ છે જેની મદદથી હોલટીકીટ ડાઉનલોડ કરી શકાશે. વધુ માહિતી માટે ફોન નં. ૦૭૯-૨૩૨૪૮૪૬૧ પર કોલ અને gseb21@gmail.com પર E-mail કરીને જાણકારી મેળવી શકાશે.

આ અંગેની જાણ તાબા હેઠળ આવતી પ્રાથમિક શાળાના તમામ શિક્ષકોને આપની કક્ષાએથી જાણ કરવાની રહેશે. જે આપશ્રીને વિદિત થાય છે.

સચિવ

રાજ્ય પરીક્ષા બોર્ડ

ગાંધીનગર

- નકલ સાદર રવાના જાણ સારૂ.
  - નિયામકશ્રી, જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૪૦-C તા.૨૩-૦૩-૨૦૨૧

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષયઃ- જિલ્લા આંતરિક ફેરબદલીઓની બીજા તબક્કાની કાર્યવાહી કરવા બાબત.

સંદર્ભઃ- પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીના પત્ર ક્રમાંક : પ્રાશિનિ/ક-નીતિ/૨૦૨૧/૧૮૬૬-૧૯૧૯ તા.૨૨-૦૩ ૨૦૨૧

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, કોમ્પ્યુટરાઇઝ સિસ્ટમથી પ્રાથમિક શિક્ષકોની માંગણીની બદલીઓનો પ્રથમ તબક્કો પૂર્ણ થયેલ છે. જે અન્વયે તા.૧૮/૦૩/૨૦૨૧ને રોજ અરજી કરેલ શિક્ષકોને ઓનલાઇન નિમણૂંક આદેશ મળી ગયેલ છે..

ઉપરોક્ત સંદર્ભદર્શિત પત્રથી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિઓની શાળાઓમાં ખાલી રહેલ જગ્યાઓ પર બીજા તબક્કાના આંતરિક બદલી કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં તા.૩૧/૧૨/૨૦૨૦ની સ્થિતિએ દર્શાવેલ ખાલી જગ્યાઓ પૈકી આંતરિક બદલીના પ્રથમ તબક્કામાં ખાલી રહેલ જગ્યાઓ અને પ્રથમ તબક્કામાં આંતરિક બદલી આપવાથી ખાલી થયેલ જગ્યાઓ માટે સંદર્ભ પત્ર મુજબ સમયબધ્ધ કાર્યક્રમની રૂપરેખા આ સાથે સામેલ છે. જેનો ચિવટપૂર્વક અભ્યાસ કરી અમલ કરવા જણાવવામાં આવે છે.

બિડાણ :- પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીના પત્ર ક્રમાંક : પ્રાશિનિ/ક-નીતિ/૨૦૨૧/૧૮૬૬-૧૯૧૯ તા.૨૨-૦૩ ૨૦૨૧નો પત્ર

તા.૨૩-૦૩-૨૦૨૧

ડૉ.એલ.ડી.દેસાઇ<br>શાસનાધિકારી

ક્રમાંક:પ્રાશિનિ/ક-નીતિ/2021/ક/૧૪૬૬ - ૧૯૧૯
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.12/1, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર તા. ૨૨ /03/2021

પ્રતિ,
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

વિષયઃ- જિલ્લા આંતરિક ફેરબદલીઓની બીજા તબક્કાની કાર્યવાહી કરવા બાબત.

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, આ કચેરીના 11/01/2021 અને તા.09/03/2021 ના પત્રોથી કોમ્પ્યુટરાઇઝ્ડ સિસ્ટમથી પ્રાથમિક શિક્ષકોની માંગણીની બદલીઓની (પ્રથમ તબક્કો) કાર્યવાહી કરવા સૂચના આપેલ, જે અન્વયે તા.18/03/2021 ના રોજ અરજી કરેલી શિક્ષકોને ઓનલાઈન નિમણૂંક આદેશ મેળવી લેવા જણાવેલ.

ઉપર મુજબની જિલ્લા આંતરિક બદલીઓ પૂર્ણ થયા બાદ જિલ્લા/નગર શિક્ષણ સમિતિઓની પ્રાથમિક શાળાઓમાં ખાલી રહેલ જગ્યાઓ પર બીજા તબક્કાના આંતરિક બદલી કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં તા.31/12/2020 ની સ્થિતિએ દર્શાવેલ ખાલી જગ્યાઓ પૈકી આંતરિક બદલીના પ્રથમ તબક્કામાં ખાલી રહેલ જગ્યાઓ અને પ્રથમ તબક્કામાં આંતરિક બદલી આપવાથી ખાલી થયેલ જગ્યાઓની સબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અને શાસનાધિકારીએ દર્શાવેલ તારીખ સુધીમાં જગ્યાઓ એન્ટર કરવાની રહેશે. ઓનલાઈન જિલ્લા આંતરિક ફેરબદલીના બીજા તબક્કાનો વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ છે.

ઓનલાઇન શિક્ષક બદલી કાર્યક્રમ (બીજો તબક્કો) – જાન્યુઆરી 2021
Website: www.dpegujarat.in

| ક્રમ | તારીખ | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| 1 | તા.24/03/2021 બપોરે 3.00 કલાક થી તા.25/03/2021 | જિલ્લાઓ દ્વારા ખાલી જગ્યાઓની માહિતી ઓનલાઇન એન્ટર કરવાની કામગીરી |
| 2 | તા.26/03/2021 12.00 કલાક થી તા.28/03/2021 23.59 કલાક સુધી | શિક્ષક/ વિદ્યાસહાયકો દ્વારા આંતરિક બદલીઓ માટે ઓનલાઇન ફોર્મ ભરવાની કામગીરી |
| 3 | તા.30/03/2021 | તાલુકા દ્વારા અરજી ફોર્મ વેરિફિકેશન કરી અને જિલ્લા કક્ષાએ મંજુર અરજી વેલીડેશન માટે રજુ કરવાની કામગીરી |
| 4 | તા.31/03/2021 | જિલ્લા કક્ષાએ અરજીઓની ચકાસણી કરી એપ્રુવલ કે રીજેક્ટ કરી અને એપ્રુવલ અરજીઓ અપલોડ કરવાની કામગીરી |
| 5 | તા.01/04/2021 | ડેટા વેરિફિકેશન અને પ્રોસેસીંગ સમયગાળો DPE |
| 6 | તા.03/04/2021 | ઓનલાઇન શિક્ષક/વિદ્યાસહાયકોએ આંતરિક બદલીઓના હુકમ મેળવી લેવાની કામગીરી |

(ડૉ. એમ. આઈ. જોષી)
પ્રાથમિક શિક્ષણ નિયામક
ગુ.રા. ગાંધીનગર

નકલ રવાના:-
- મેનેજરશ્રી, ગુજ. ઈન્ફો. પેટ્રો. લિ., બ્લોક નં-15, બીજો માળ, ઉદ્યોગ ભવન, સેક્ટર-11, ગાંધીનગર

તરફ ઉપર મુજબના ઓનલાઈન આંતરિક બદલીના બીજા તબક્કાનો કાર્યક્રમ પોર્ટલ પર મૂકવા તથા નિયત કાર્યક્રમ મુજબ પોર્ટલની સુવિધા આપવા સારૂ. . .